File no. 7-L

E-Mail

ટોચ અગ્રતા

ક્રમાંક:પ્રાશિનિ/ખ-૨/૨૦૧૯/૯૭૯૦-૯૮૫૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં.૧૨/૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર,તા.23/૧૦/૨૦૧૯

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ

વિષય- RTE ACT-2009 અન્વયે વિદ્યમાન ખાનગી પ્રાથમિક શાળાઓનાં રજીસ્ટ્રેશન (માન્યતા પ્રમાણપત્ર) આપવા બાબત

સંદર્ભ: તા. ૨૪/૦૨/૨૦૧૩ અને તા. ૧૦/૦૫/૨૦૧૩નાં રોજ અત્રેની કચેરી દ્વારા સમાચાર પત્રોમાં આપવામાં આવેલ જાહેરાત

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, RTE ACT-2009 અને RTE RULES-2012નાં નિયમ ૧૩ અન્વયે RTE ACT-2009નાં અમલ પહેલા રાજ્યમાં આવેલી વિદ્યમાન ખાનગી પ્રાથમિક શાળાઓએ પરીશિષ્ટ-૨ મુજબ માન્યતા આપવા માટેનું સ્વ-એકરાર સહ અરજી પત્રક જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીને રજૂ કરવાનું હતું. સદર શાળાઓએ રજૂ કરેલ સ્વ-એકરાર નામાનાં આધારે જિલ્લા કક્ષાએ બનેલી સમિતિ અથવા 3 સભ્યોનાં બનેલા સક્ષમ સત્તાધિકારીશ્રીએ નિમેલા સ્વાયત મંડળે સદર શાળાઓનું સ્થળ નિરીક્ષણ કરી શાળાએ માન્યતા માટેનાં માપદંડો (ધોરણો) પરિપૂર્ણ કરેલ છે કે કેમ તે દર્શાવતો રીપોર્ટ સક્ષમ સત્તાધિકારીને રજૂ કરવાનો થતો હતો. પ્રત્યેક 30-40 શાળાઓ માટે આવી એક સમિતિની રચના કરવાની થતી હતી. સક્ષમ સત્તાધિકારીનાં નિરીક્ષણ રીપોર્ટનાં આધારે જો સદર શાળા નિયત માપદંડો અને ધોરણોનું પાલન કરતી જણાતી હોય તો નમૂના-૨ મુજબ માન્યતા આપવાની થતી હતી.

ઉપરોક્ત સુચનાઓનાં આધારે જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કક્ષાએથી સબંધિત વિદ્યમાન ખાનગી પ્રાથમિક શાળાઓને માન્યતાનાં પ્રમાણપત્રો આપવામાં આવેલ છે. RTE ACT-2009 અને RTE RULES-2012નાં નિયમ-૧૩ અનુસાર વિદ્યમાન ખાનગી પ્રાથમિક શાળાઓને આપેલ માન્યતા પ્રમાણપત્રની યાદી બનાવવાની રહેશે. (પત્રક-૧મુજબ)

પરંતુ, કેટલીક શાળાઓ દ્વારા આવા પ્રમાણપત્રો મળેલ ન હોવાની અત્રેની કચેરીને મૌખિક રજુઆતો મળેલ છે. આથી, આપનાં જિલ્લામાં આવી કોઈ વિદ્યમાન ખાનગી પ્રાથમિક શાળાઓને માન્યતા પ્રમાણપત્ર આપવાનું બાકી હોય તો, સદર શાળાઓ પાસેથી નવેસરથી સ્વ-એકરાર સહ અરજીપત્રક મેળવી દિન-૪૫માં આ કામગીરી પૂર્ણ કરી અત્રેની કચેરીને જાણ કરવા જણાવવામાં





Scanned by CamScanner

આવે છે. જો કોઈ વિદ્યમાન ખાનગી પ્રાથમિક શાળા નિયત માપદંડો અને ધોરણો પરીપૂર્ણ કરતી
ન હોય તો RTE RULES-2012નાં નિયમ નં. ૧૩ મુજબ સદર શાળા સામે કાર્યવાહી કરવાની રહેશે.

જે શાળા નિયત કરેલ માપદંડો અને ધોરણોનું પાલન ન કરતી હોય તેની સક્ષમ સત્તાધિકારીએ હુકમથી યાદી બનાવવાની રહેશે.(પત્રક-૨ મુજબ) આવા કેસોમાં આવી શાળાએ માન્યતા મેળવવાનાં હેતુ માટે સ્થળ પરના બીજા નિરીક્ષણ માટે રૂ. ૫૦૦૦/-ની ફી ભરીને સક્ષમ સત્તાધિકારીને ૧૫ દિવસની મુદતની અંદર અરજી કરવાની રહેશે. સદર નિયત કરેલ ફી સરકારી ચલણથી "૦૨૦૨-જનરલ એજ્યુકેશન-૮૦૦-અધર રીસીપ્ટ" સદરે જમા કરાવવાની થશે. ચલણથી ફી ભરવા માટે DEO/DPEO કચેરીનાં સહી/સિક્કા કરાવ્યા બાદ ફી ભરવાની રહેશે.

ઉપરોક્ત કાર્યવાહી બાદ જે શાળાઓ નિયત માપદંડો અને ધોરણોનું પાલન ન કરતી હોય તેવી શાળાઓની માન્યતા રદ કરવા માટેનો અહેવાલ અત્રેની કચેરીને વિગતવાર મોકલી આપવાનો રહેશે.

આપના જિલ્લામાં આવેલ તમામ વિદ્યમાન ખાનગી પ્રાથમિક શાળાઓનું એક રજીસ્ટર નિભાવવાનું રહેશે.(પત્રક-૩ મુજબ) આ માટે આપની કચેરી દ્વારા RTE WEBPORTALપર મુકવામાં આવેલ શાળાઓનાં ડેટાનો ઉપયોગ કરી શકાશે. આપનાં તાબાની તમામ બોર્ડ/માધ્યમ/લઘુમતી/બિન-લઘુમતી/વિશિષ્ટ. વગેરે પ્રકારની તમામ શાળાઓનો સમાવેશ સદર પ્રક્રિયામાં થઈ જાય તે ખાસ આપની કક્ષાએથી સુનિશ્ચિત કરવાનું રહેશે. DEO/DPEOએ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે સમગ્ર જિલ્લામાં આવતી કોઈ પણ વિદ્યમાન ખાનગી પ્રાથમિક શાળાઓ બાકાત ન રહી જાય. આ માટે જિલ્લાની DEO અને DPEO કચેરીએ અરસપરસ સંકલન સાધી કામગીરી કરવાની રહેશે.

ઉપરોક્ત કામગીરી દિન-૪૫માં પૂર્ણ કરવાની રહેશે. આ કામગીરી આપની કચેરીનાં વર્ગ-૨ કક્ષાનાં અધિકારીને સોંપી આપના દ્વારા પ્રત્યેક અઠવાડીયે સદર કામગીરીનો રીવ્યુ કરવાનો રહેશે. સુચનાઓનું ચુસ્તપણે પાલન કરી અત્રેની કચેરીને આ સાથે સામેલ પત્રકો મુજબ વિગતો રૂબરૂમાં તા. ૧૯/૧૨/૨૦૧૯, ગુરુવારનાં રોજ અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ:૧. નિયત પત્રકો (૧ થી ૩)

૨. શાળાને માન્યતા આપવા માટેનું સ્વ એકરાર સહ અરજીપત્રક

૩. શાળાની સ્થળ તપાસ માટેનું નિયત ચેકલિસ્ટ

૪. કાયમી માન્યતા પ્રમાણપત્રનો નમુનો

(ડો.એમ.આઈ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ

નકલ રવાના: સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)

For, Jain International Public School

Principal

Scanned by CamScanner